# યુએઈમાંથી ભારતીયોની વતન વાપસી તેજ બની

**વિશેષ** રાહત ફ્લાઈટ્સથી દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ અને બેંગ્લુરુમાં મુસાફરો પહોંચ્યા; વધુ ઉડાનોની તૈયારી

ગાંધીનગરઃ મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધના તણાવ વચ્ચે સંયુક્ત આરબ અમીરાતમાં ફસાયેલા ભારતીય નાગરિકોની વતન વાપસીનો માર્ગ હવે ગતિ પકડ્યો છે. એરલાઈન્સ અને કેન્દ્ર સરકારના સંકલિત પ્રયાસોથી ખાસ રાહત ફ્લાઈટ્સ દ્વારા મુસાફરોને સુરક્ષિત રીતે ભારત લાવવામાં આવી રહ્યા છે. પ્રથમ તબક્કામાં દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ અને બેંગ્લુરુ ખાતે ચાર વિશેષ ફ્લાઈટ્સ સફળતાપૂર્વક પહોંચી ગઈ છે. એરપોર્ટ પર ઉતર્યા બાદ મુસાફરોને જરૂરી માર્ગદર્શન અને સહાય આપવામાં આવી રહી છે.

ઘણા પ્રવાસીઓએ જણાવ્યું હતું કે અચાનક એરસ્પેસ બંધ થવાથી તેઓ એરપોર્ટ પર દિવસો સુધી અટવાઈ ગયા હતા. ખાડી વિસ્તારમાં વધી રહેલા તણાવને કારણે અન્ય માર્ગો પરથી પણ રાહત કામગીરી હાથ ધરાઈ છે. ઈન્ડિગો દ્વારા જેદ્દાહથી 10 વિશેષ ફ્લાઈટ્સ શરૂ કરવામાં આવી છે, જેથી વધુમાં વધુ ભારતીયોને પરત લાવી શકાય. તે ઉપરાંત એર ઈન્ડિયા એક્સપ્રેસ દ્વારા મસ્કત રૂટ પર વિશેષ સેવાઓ શરૂ કરાઈ છે. મસ્કતથી પરત આવેલા મુસાફરોએ ત્યાંની તણાવપૂર્ણ સ્થિતિ અને અનિશ્ચિતતાનો અનુભવ શેર કર્યો હતો. સ્પાઈસજેટએ ફુજૈરાહથી દિલ્હી, મુંબઈ અને કોચી માટે ચાર વિશેષ ફ્લાઈટ્સનું આયોજન કર્યું છે. મુંબઈ માટે બે વધારાની ઉડાનો ગોઠવાઈ છે, જેથી વધુ મુસાફરોને વહેલી તકે વતન પહોંચાડી શકાય. સ્પાઈસજેટના ચેરમેન અજય સિંહએ જણાવ્યું હતું કે મુશ્કેલ સમયમાં ભારતીય નાગરિકોની સેવા કરવી એ કંપનીની પ્રથમ જવાબદારી છે. તેમણે જણાવ્યું કે જરૂરી મંજૂરીઓ મેળવી વધુ ફ્લાઈટ્સ શરૂ કરવાની તૈયારી ચાલી રહી છે. એરલાઈન્સ મેનેજમેન્ટના જણાવ્યા મુજબ 4 માર્ચથી ફુજૈરાહ-દિલ્હી અને ફુજૈરાહ-મુંબઈ વચ્ચે નિયમિત ફ્લાઈટ્સ ફરી શરૂ કરવામાં આવશે.

### ખાડી દેશોમાં ફસાયેલા ગુજરાતીઓ માટે ભાજપની હેલ્પલાઈન સેવા શરૂ

ભાજપ દ્વારા જાહેર કરાયેલા હેલ્પલાઈન નંબર 07923276943, 07923276944, 8141138000 અને 8141735000 પર સંપર્ક કરી નાગરિકો પોતાના સ્વજનોનું નામ, સ્થળ, સંપર્ક વિગત સહિત જરૂરી માહિતી નોંધાવી શકશે. પ્રાપ્ત થતી વિગતોને પ્રાથમિકતા આધારે સંકલિત કરીને કેન્દ્ર સરકાર સુધી પહોંચાડવામાં આવશે, જેથી ઝડપથી સહાય સુનિશ્ચિત થઈ શકે.

### ફ્લાઈટ રદ થતાં વતન વાપસી અનિશ્ચિત, સરકાર પાસે મદદની આજીજી

પાલનપુરનો પટેલ પરિવાર હાલ દુબઈમાં અટવાઈ ગયો છે. સુભાષ પટેલ પોતાના પરિવારના ચાર સભ્ય સાથે 23 ફેબ્રુઆરીએ દુબઈ ફરવા ગયા હતા અને નિર્ધારિત તારીખે પરત આવવાનું હતું. પરંતુ યુદ્ધના તણાવને કારણે સતત બે દિવસ તેમની ફ્લાઈટ ટિકિટ રદ થઈ ગઈ. પાલનપુરમાં રહેલા વૃદ્ધ માતા-પિતા દર કલાકે વિડીયો કોલ કરીને પરિવારની સલામતી અંગે માહિતી મેળવી રહ્યા છે. દુબઈમાં અટવાયેલા પરિવારજનોનો દાવો છે કે તેઓ હાલ સુરક્ષિત છે, પરંતુ વતન પરત ફરવાની ચિંતા સતત વધી રહી છે. પરિવારે સરકાર પાસે વહેલી તકે વ્યવસ્થા કરવાની માંગ કરી છે.

### સ્થિતિ હજુ ગંભીર, નજર વિશ્વ પર

ઈઝરાયેલ-ઈરાન યુદ્ધના ચોથા દિવસે પણ પરિસ્થિતિ તંગ છે. ડ્રોન અને મિસાઈલ હુમલાઓ વચ્ચે ખાડી દેશોમાં તણાવ યથાવત છે. હજારો ભારતીયો અને ગુજરાતીઓ સુરક્ષિત વતન વાપસીની રાહ જોઈ રહ્યા છે.

### આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ ભાડાં 3થી 10 લાખ!

અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુદ્ધના કારણે પશ્ચિમ એશિયામાં અનેક દેશોએ એરસ્પેસ બંધ કરતાં વૈશ્વિક હવાઈ સેવા પ્રભાવિત થઈ છે. ખાસ કરીને અમેરિકા, લંડન અને કેનેડા જતી ફ્લાઈટ્સના વન-વે ભાડા 3 લાખથી 10 લાખ સુધી પહોંચી ગયા છે. ગલ્ફ દેશોની હજારો ફ્લાઈટ્સ રદ થતાં મુસાફરો એરપોર્ટ પર અટવાયા છે. એરલાઈન્સ લાંબા રૂટ અપનાવતા ઈંધણ ખર્ચ વધ્યો છે, જેનો સીધો બોજ મુસાફરો પર પડી રહ્યો છે.

# ઈરાનનાં બચૂકડાં મિસાઈલો અમેરિકાના રાક્ષસી એરક્રાફ્ટ કેરિયરનો નાશ કરી શકે છે

ટુ ધ પોઇન્ટ — સમકિત શાહ

મધ્ય પૂર્વમાં અમેરિકા, ઇઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલો લશ્કરી તણાવ હવે સમગ્ર પ્રદેશમાં ફેલાઈ ગયો છે. ઈરાને યુએઈ સહિત પશ્ચિમ એશિયાના અન્ય દેશો પર મિસાઈલ અને ડ્રોન હુમલા કરવાનું ચાલુ રાખ્યા છે. જો પરિસ્થિતિ યથાવત રહે તો આ લશ્કરી મુકાબલો મોટા પ્રાદેશિક સંઘર્ષમાં પરિણમી શકે છે. દરમિયાન, ઈરાની મીડિયાએ દાવો કર્યો છે કે તેણે અમેરિકન નેવીના રાક્ષસી યુદ્ધ જહાજ અબ્રાહમ લિંકનને નિશાન બનાવ્યું છે. સોશિયલ મીડિયામાં ધુમાડાના ગોટેગોટામાં લપટાયેલા યુદ્ધજહાજના વીડિયો ફરી રહ્યા છે. આજનું યુદ્ધ ડ્રોન અને મિસાઇલો વડે લડાય છે. આ પ્રકારના યુદ્ધમાં રાક્ષસી કાયા ધરાવતા યુદ્ધજહાજો ચિંતાનું કારણ બની જાય છે, કારણ કે મામૂલી મિસાઈલ વડે પણ તેનો નાશ કરી શકાય છે. અબ્રાહમ લિંકન માટે પણ આવી જ ચિંતા પેદા થઈ છે. આ એ જ એરક્રાફ્ટ કેરિયર છે જેનો ઉપયોગ અમેરિકાએ તાજેતરમાં ઈરાન સામે લશ્કરી કાર્યવાહીમાં કર્યો હતો. ઈરાનની રાજ્ય સમાચાર એજન્સી IRNA ને ટાંકીને IRGC એ દાવો કર્યો હતો કે ઈરાની સશસ્ત્ર દળોએ ઓપરેશન ટ્રુ પ્રોમિસ-૪ ના ભાગ રૂપે અમેરિકન એરક્રાફ્ટ કેરિયર અબ્રાહમ લિંકન પર ચાર બેલિસ્ટિક મિસાઈલોથી હુમલો કર્યો હતો.

અમેરિકાએ ઈરાનના દાવાને ફગાવી દીધો છે. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે સ્પષ્ટતા કરી છે કે તેના યુદ્ધ જહાજ અબ્રાહમ લિંકન પર કોઈ હુમલો સફળ થયો નથી. કમાન્ડ અનુસાર, ઇરાન દ્વારા છોડવામાં આવેલી મિસાઇલો યુદ્ધ જહાજની નજીક ક્યાંય પણ પહોંચી શકી ન હતી અને રસ્તામાં જ નાશ પામી હતી. અમેરિકન સેનાએ જણાવ્યું હતું કે યુદ્ધ જહાજ અબ્રાહમ લિંકન સંપૂર્ણપણે સુરક્ષિત છે. અમેરિકન સેનાની વાત સાચી માની લઈએ તો પણ એટલું તો નક્કી છે કે ઇરાન દ્વારા અબ્રાહમ લિંકનને ટાર્ગેટ કરીને કેટલીક મિસાઈલો છોડવામાં આવી હતી, જેનો રસ્તામાં જ નાશ કરવામાં આવ્યો હતો. ઇરાન ફરીથી મિસાઈલો છોડી શકે છે અને જો તેના મિસાઈલ પોતાનું ટાર્ગેટ હાંસલ કરે તો નાનકડા મિસાઈલથી રાક્ષસી કદના યુદ્ધજહાજનો નાશ કરી શકાય તેમ છે.

યુએસએસ અબ્રાહમ લિંકન એ નિમિત્ઝ-ક્લાસ પરમાણુ સંચાલિત વિમાનવાહક જહાજ છે. ૧,૦૦,૦૦૦ ટનથી વધુ વજન ધરાવતું અબ્રાહમ લિંકન આશરે ૧,૧૦૦ ફૂટ લાંબુ છે અને અત્યાર સુધીના સૌથી મોટા યુદ્ધ જહાજોમાંનું એક છે. આ વિશાળ જહાજ ૬૦ થી ૯૦ ફાઇટર જેટ, હેલિકોપ્ટર અને સર્વેલન્સ વિમાનો લઈ જઈ શકે છે. તે હવાઈ કામગીરી માટે મુખ્ય કમાન્ડ સેન્ટર અને લોન્ચ પ્લેટફોર્મ તરીકે સેવા આપે છે. યુએસએસ અબ્રાહમ લિંકન એરક્રાફ્ટ કેરિયર એક સમુદ્ર આધારિત વિમાનવાહક છે,



જે એકલું જ સમગ્ર સૈન્ય પર વિનાશ વેરવા સક્ષમ છે. દાવો કરવામાં આવ્યો છે કે ઈરાન પરના તાજેતરના હુમલાઓ અબ્રાહમ લિંકનના એરક્રાફ્ટનો ઉપયોગ કરીને કરવામાં આવ્યા હતા. યુએસએસ અબ્રાહમ લિંકન એરક્રાફ્ટ કેરિયર ૬૫ થી વધુ વિમાનોને લઈ જઈ શકે છે, જેમાં FA-૧૮ સુપર હોર્નેટ ફાઇટર જેટનો પણ સમાવેશ થાય છે.

યુએસએસ અબ્રાહમ લિંકનના કાફલામાં આશરે ૫,૭૦૦ થી ૬,૦૦૦ લશ્કરી કર્મચારીઓ હોવાના અહેવાલ છે. આમાં પાઇલટ, એન્જિનિયર, ખલાસીઓ અને સહાયક સ્ટાફનો સમાવેશ થાય છે. આ કર્મચારીઓ વિમાન ચલાવે છે, શસ્ત્રો પ્રણાલીઓનું સંચાલન કરે છે, જહાજની કામગીરીનું સંચાલન કરે છે અને ચોવીસ કલાક લડાઇ મિશનનું સંચાલન કરે છે. જો અબ્રાહમ લિંકન ડૂબી જાય તો અમેરિકાને કેટલો મોટો ફટકો પડે તેની કલ્પના પણ કરી શકાય તેમ નથી. ઇરાનના મિસાઈલ હુમલા પછી અબ્રાહમ લિંકનને ઇરાનના કિનારાથી દૂર લઈ જવામાં આવ્યું છે. હવે અબ્રાહમ લિંકનનું રક્ષણ કેવી રીતે કરવું, તેની ચિંતા અમેરિકાને સતાવી રહી છે.

આ પરમાણુ સંચાલિત વિમાનવાહક જહાજ ૧૯૮૯ માં યુએસ નેવીમાં જોડાયું હતું અને તેને અમેરિકાના સૌથી મોટા અને સૌથી અદ્યતન વિમાનવાહક જહાજોમાંનું એક ગણવામાં આવે છે. અમેરિકાના ૧૬મા રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકનના નામ પરથી આ એરક્રાફ્ટ કેરિયર ૧૧ નવેમ્બર, ૧૯૮૯ ના રોજ સેવામાં આવ્યું હતું અને તે યુએસ નેવીના એટેક કેરિયર સ્ટ્રાઈક ગ્રુપનો ભાગ છે. અબ્રાહમ લિંકન સાથેના જૂથમાં ત્રણ માર્ગદર્શિત મિસાઇલ વિનાશક જહાજોનો પણ સમાવેશ થાય છે. તેનું વજન આશરે ૧૦૦,૦૦૦ ટન છે અને તે આશરે ૫૬ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે મુસાફરી કરી શકે છે. આ વિમાનવાહક જહાજ અગાઉ અરબી અખાત અને ઓમાનના અખાતમાં તૈનાત થઈ ચૂક્યું છે. ૧૯૯૦ના દાયકામાં કુવૈતમાંથી ઇરાકી દળોને બહાર કાઢવાના ઉદ્દેશ્યથી ચલાવવામાં આવેલા ઓપરેશન ડેઝર્ટ સ્ટોર્મ દરમિયાન તેને આ પ્રદેશમાં જાસૂસી મિશન પર મોકલવામાં આવ્યું હતું. ત્યાર બાદ તેણે ૧૯૯૫, ૧૯૯૮ અને ૨૦૦૦માં ઓપરેશન સધર્ન વોચ તરીકે ઓળખાતા અરબી ખાડીમાં ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સના પેટ્રોલિંગ ઓપરેશનમાં ભાગ લીધો હતો. ઇરાક પર અમેરિકાના આક્રમણ પહેલા આ યુદ્ધ જહાજ મધ્ય પૂર્વમાં તૈનાત કરવામાં આવ્યું હતું. તે સમયે ઈરાન તેના પરમાણુ કાર્યક્રમને લઈને પ્રતિબંધોનો સામનો કરી રહ્યું હતું. હોર્મુઝ સ્ટ્રેટ પર પણ ઈરાન અને અમેરિકા વચ્ચે તણાવ વધી રહ્યો હતો.

ઈરાનના ભૂતપૂર્વ સુપ્રીમ લીડર અલી ખામેનીના મૃત્યુથી ગુસ્સે ભરાયેલું ઈરાન ઘાયલ સિંહની જેમ અમેરિકાને વારંવાર ધમકી આપી રહ્યું છે. રવિવારે ઈરાને અમેરિકાના યુદ્ધ જહાજ યુએસએસ અબ્રાહમ લિંકન પર ચાર બેલિસ્ટિક મિસાઈલ છોડવાનો દાવો કર્યો હતો. તેના નિવેદનમાં રિવોલ્યુશનરી ગાર્ડ્સે કહ્યું કે અમેરિકાના બીજા સૌથી મોટા યુદ્ધ જહાજ યુએસએસ અબ્રાહમ લિંકનને નિશાન બનાવવામાં આવ્યું હતું, પરંતુ યુએસ સેન્ટ્રલ કમાન્ડે ઈરાની દાવાને યુદ્ધ પ્રચાર ગણાવ્યો હતો અને તેને નકલી સમાચાર ગણાવ્યા હતા. સેન્ટકોમે કહ્યું કે ઈરાન દ્વારા છોડવામાં આવેલી મિસાઈલ જહાજની નજીક પણ પહોંચી ન હતી. યુએસએસ અબ્રાહમ લિંકન હાલમાં ગલ્ફ ક્ષેત્રમાં છે. ફોક્સ ૫ સાન ડિએગો અનુસાર , આ જહાજ ઘણા અઠવાડિયાથી અરબી સમુદ્રમાં સ્થિત છે. તે સાન ડિએગોમાં નેવલ એર સ્ટેશન નોર્થ આઇલેન્ડ પર હોમપોર્ટેડ છે.

આ વિમાનવાહક જહાજ ડિસ્ટ્રોયર સ્ક્વોડ્રન ૨૧ ના અનેક માર્ગદર્શિત મિસાઇલ વિનાશકો દ્વારા સુરક્ષિત છે, જે તેના રક્ષણાત્મક કવચ તરીકે સેવા આપે છે. આમાં USS ફ્રેન્ક ઇ. પીટરસન જુનિયર, USS સ્પ્રુઅન્સ અને USS માઇકલ મર્ફીનો સમાવેશ થાય છે. આ યુદ્ધ જહાજો અદ્યતન રડાર સિસ્ટમ્સ, મિસાઇલ ઇન્ટરસેપ્ટર્સ અને ટોમ હોક ક્રુઝ મિસાઇલોથી સજ્જ છે. કાફલાનું મુખ્ય હુમલો બળ કેરિયર એર વિંગ ૯ માંથી આવે છે. તેમાં F-૩૫C લાઈટનિંગ II સ્ટીલ્થ ફાઇટર અને F/A-૧૮ સુપર હોર્નેટ જેવા અદ્યતન લડાયક વિમાનોનો સમાવેશ થાય છે. તેમાં ઇલેક્ટ્રોનિક યુદ્ધ માટે EA-૧૮G રોલર વિમાનનો પણ સમાવેશ થાય છે, જે દુશ્મન રડાર સિસ્ટમને જામ કરવાની ક્ષમતામાં અનન્ય છે. E-૨D એરબોર્ન સર્વેલન્સ અને પ્રારંભિક ચેતવણી માટે પણ શામેલ છે.

સપાટી પરના યુદ્ધ જહાજો ઉપરાંત, અબ્રાહમ લિંકનના કાફલામાં સામાન્ય રીતે એક કે બે પરમાણુ સંચાલિત હુમલો સબમરીનનો સમાવેશ થાય છે. આ દુશ્મન સબમરીન સામે રક્ષણ પૂરું પાડે છે અને જો જરૂરી હોય તો ક્રુઝ મિસાઇલ હુમલો પણ કરી શકે છે. વધુમાં, સ્ટ્રાઇક ગ્રુપ વિશ્વ ના કેટલાક સૌથી અદ્યતન શસ્ત્રોથી સજ્જ છે, જેમાં ટોમાહોક ક્રુઝ મિસાઇલોનો સમાવેશ થાય છે, જે લાંબા અંતરના ટાર્ગેટ પર ચોકસાઇપૂર્વકના પ્રહાર કરવા સક્ષમ છે. મુદ્દાની વાત એ છે કે ૧૯૯૦ના દાયકાના યુદ્ધ માટે બનાવવામાં આવેલું અબ્રાહમ લિંકન હવે જરીપુરાણું થઈ ગયું છે. આજના કાળમાં યુદ્ધની ટેકનિક બદલાઈ ગઈ છે, જેમાં અબ્રાહમ લિંકન નબળી કડી બની ગયું છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**પરમાણુ સંચાલિત વિમાનવાહક જહાજ ૧૯૮૯ માં યુએસ નેવીમાં જોડાયું હતું અને તેને અમેરિકાના સૌથી મોટાં અને સૌથી અધતન વિમાનવાહક જહાજોમાંનું એક ગણવામાં આવે છે**

# મુસ્લિમ યુવક સાથે લગ્ન કરવા યુવતી વકીલના વેશમાં કોર્ટ પહોંચી

**યુવતીના** પરિજનો અને હિન્દુ સંગઠનોએ ભારે હોબાળો મચાવતા ઘીકાંટા જિલ્લા રજિસ્ટ્રાર કચેરીમાં પોલીસ બંદોબસ્ત ખડકાયો

અમદાવાદઃ અમદાવાદ શહેરના ઘીકાંટા વિસ્તારની જિલ્લા રજિસ્ટ્રાર ઓફિસમાં યુવક અને યુવતી કોર્ટ લગ્ન કરવા પહોંચતા યુવતીના પરિવારજનોએ અને હિંદુ સંગઠનના કાર્યકરોએ ભારે વિરોધ કરતા કોર્ટ પરિસરમાં ભારે હોબાળો થતાં તંગદિલી ફેલાઈ હતી. ખાસ તો યુવતી વકીલ નહીં હોવા છતાં વહીલનો યુનિફોર્મ પહેરીને કોર્ટમાં પહોંચતાં વકીલોમાં પણ ઉગ્ર વિરોધ જોવા મળ્યો છે.

આ અંગે માહિતી માહિતી મુજબ શહેરની ઘીકાંટા કોર્ટમાં જિલ્લા રજિસ્ટ્રાર ઓફિસમાં મુસ્લિમ યુવક અને હિન્દુ યુવતી લગ્ન કરવા માટે પહોંચ્યા હતા. ત્યારે યુવતીના પરિવારજનોએ ગંભીર આક્ષેપ કરી લગ્નનો વિરોધ કરતાં ભારે હોબાળો મચ્યો હતો. આ બનાવમાં હિન્દુ સંગઠનના કેટલાક કાર્યકરો પણ દોડી આવતા મામલો વધુ બિચક્યો હતો. જેના પગલે વિરોધ વધતાં રજિસ્ટ્રાર ઓફિસમાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

આ મામલે લોકોમાં રોષ ત્યારે ભભૂક્યો હતો કે લગ્ન કરવા આવેલી યુવતી કાળા કોટમાં, વકીલના પોષાકમાં કોર્ટ પરિસરમાં આવી હતી. યુવતી વકીલ ન હોવા છતાં વકીલના પોષાકમાં આવતાં વકીલ મંડળમાં રોષ જોવા મળ્યો હતો. વકીલો દ્વારા કારંજ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી અને બંને વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવાની માંગણી કરી હતી.

### એક વર્ષમાં ગૌ-હત્યામાં 18થી વધુને આજીવન કેદ સુધીની સજાઃ હર્ષ સંઘવી

ગાંધીનગરઃ સુરેન્દ્રનગર જિલ્લાના દુધરેજ ધામ સ્થિત વડવાળા મંદિર ખાતે આયોજિત હોળી મહોત્સવમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહભાગી બન્યા હતા. ભક્તજનોને સંબોધતા નાયબ મુખ્યમંત્રી સંઘવીએ જણાવ્યું હતું કે મંત્રી તરીકે પદભાર સંભાળ્યાના બીજા જ દિવસે ભગવાન વડવાળાના ચરણોમાં વંદન કરી ગૌમાતા અને ગૌભક્તોની રક્ષા કરવાનો સંકલ્પ લીધો હતો. રાજ્ય સરકાર ગૌ-હત્યા કરનારા તત્ત્વો સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી રહી છે અને કડક કાયદાકીય કાર્યવાહી હાથ ધરાઈ રહી છે. તેમના જણાવ્યા અનુસાર છેલ્લા એક વર્ષમાં 18થી વધુ ગૌ-હત્યારાઓને 7 વર્ષથી લઈને આજીવન કેદ સુધીની સજા ફટકારવામાં આવી છે.

# બોંબથી ઉડાવી દેવાના ઈ-મેઈલ કેસમાં પશ્ચિમ બંગાળથી એક ઝડપાયો

**રાજ્યમાં** શાળાઓ, પોસ્ટ ઓફિસો, કોર્ટોને બોમ્બથી ઉડાવવાના ઈ-મેઈલ કર્યા હતા

અમદાવાદઃ રાજ્યમાં શાળાઓ, પોસ્ટ ઓફિસ અને જુદી જુદી કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યા ઈ-મેઈલ કરનાર શખ્સની અમદાવાદ ક્રાઈમ બ્રાંચે પશ્ચિમ બંગાળથી ધરપકડ કરી તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે મળતી માહિતી મુજબ અમદાવાદ સહિત રાજ્યના અનેક શહેરોમાં શહેરમાં છેલ્લા કેટલાક સમયથી સરકારી કચેરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ, કોર્ટોમાં ઈ-મેઈલ મારફતે બોમ્બ વિસ્ફોટની ધમકી આપવામા આવી રહી છે. આ કેસમાં અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચના સાયબર સેલની ટીમ આરોપીને શોધવા ટેકનીક એનાલીસીસ અને ટેકનીકલ સર્વેલન્સના આધારે તપાસ કરતાં સૌરવ બિશ્વાસ નામના શખ્સની પશ્ચિમ બંગાળની ધરપકડ કરવામાં આવી છે.

## BUSINESS મિત્ર

# એશિયન બજારોમાં સુનામીઃ દક્ષિણ કોરિયામાં 7.8%નો મોટો કડાકો

**નિક્કી** 3% ગગડ્યો

**રોકાણકારો** સુરક્ષિત ગણાતા સોના-ચાંદી તરફ વળ્યા

મુંબઈ, તા. 3ઃ ઈરાનમાં ચાલી રહેલા તણાવ અને પ્રાદેશિક ઉર્જા પુરવઠાની તેની સંભવિત અસર પર રોકાણકારોએ પ્રતિક્રિયા આપતા એશિયન શેરોમાં ઘટાડો નોંધાયો હતો. તમામ એશિયન બજારોમાં ઘટાડો જવા મળ્યો હતો. જેમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી સૌથી વધુ તૂટયો હતો. વિશ્લેષકોએ નોંધ્યું હતું કે, જાપાન જે હોર્મુઝની સામુદ્રધુની દ્વારા ક્રુડ અને કુદરતી ગેસના શિપમેન્ટ પર ભારે આધાર રાખે છે, તેને પુરવઠાના પડકારોનો સામનો કરવો પડી શકે છે. જો કે, દેશમાં 200 દિવસથી વધુ ઉર્જાનો સંગ્રહ કરવાનો અર્થ એ છે કે તાત્કાલિક ખતરો મર્યાદિત છે.

સતત બીજા દિવસે એશિયન શેરબજારોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો. મધ્ય પૂર્વમાં ચાલી રહેલી લડાઈએ રોકાણકારોને ચિંતામાં મૂકી દીધા છે, જેના કારણે તેઓ વેચાણ કરવા લાગ્યા છે. એશિયા પેસિફિક ઈન્ડેક્સ લગભગ 3 ટકા નીચે હતો. દક્ષિણ કોરિયન સ્ટોક એક્સચેન્જમાં 7.24 ટકાનો સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો હતો. ગઈકાલે ભારત સહિત એશિયન બજારોમાં પણ ઘટાડો થયો હતો. સિંગાપોરમાં વેન્ટેજ પોઈન્ટ એસેટ મેનેજમેન્ટના ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસર નિક ફેરેસે જણાવ્યું હતું કે, મોટો રોકાણ પ્રશ્ન ફક્ત ઈરાનનો નથી, પરંતુ શું સંઘર્ષ વધશે, જેનાથી અન્ય બજારો પર અસર થશે. ગઈકાલે રાત્રે, એવું લાગતું હતું કે સંઘર્ષ લાંબો સમય ચાલશે નહીં. જોકે, તે વધુ પડતું આશાવાદી છે.

જે સંઘર્ષ શાંત થવાને બદલે, તે વધતો જતો દેખાય છે. ઈરાને સાઉદી અરેબિયાના રિયાધમાં યુએસ દૂતાવાસ પર હુમલો કર્યો. તેણે હોર્મુઝ સ્ટ્રેટને સંપૂર્ણપણે બંધ કરવાની ધમકી પણ આપી છે. વિશ્વના ક્રૂડ ઓઈલ સપ્લાયનો લગભગ ૨૦% હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થાય છે. તેના બંધ થવાથી ક્રૂડ ઓઈલ સપ્લાય પર અસર પડશે, જે સંભવતઃ ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો કરશે. બ્રેન્ટ ક્રૂડ ઓઈલ પહેલાથી જ 79 ડોલર પ્રતિ બેરલને વટાવી ગયું છે. 2 માર્ચે, તે 7 ટકાથી વધુ ઉછળ્યું.

આજરોજ જાપાનનો અગ્રણી શેરબજાર સૂચકાંક, નિક્કી 3.08 ટકા નીચે હતો. હેંગ સેંગ સૂચકાંક 1.05 ટકા નીચે હતો. દક્ષિણ કોરિયાનો કોસ્પી 7.81 ટકા નીચે હતો. સંઘાઈ કમ્પોઝિટ 1.43 ટકા નીચે હતો. જકાર્તા કમ્પોઝિટ 0.42 ટકા નીચે હતો. સિંગાપોરનો સ્ટ્રેટ ટાઈમ્સ એશિયામાં એકમાત્ર વધતો સૂચકાંક હતો, જે 0.81 ટકા વધ્યો.

ગઈકાલે યુએસ બજારો મિશ્ર બંધ થયા. જોકે, યુરોપિયન બજારોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો. યુકેનો એફટીએસઆઈ 1.21 ટકા ઘટ્યો, ફ્રાન્સનો કેક 2.22 ટકા ઘટ્યો, અને જર્મનીનો ડેક્સ 2.2 ટકા ઘટ્યો. નિષ્ણાતો કહે છે કે મધ્ય પૂર્વમાં દુશ્મનાવટ ફાટી નીકળવાની અસર વિશ્વભરના શેરબજારો પર પડી છે. રોકાણકારો શેરબજાર જેવી જોખમી સંપત્તિઓમાંથી પૈસા ઉપાડી રહ્યા છે અને સોના અને ચાંદીમાં રોકાણ કરી રહ્યા છે, જેના કારણે સોના અને ચાંદીમાં વધારો થયો છે.

# જાન્યુઆરીમાં IIP 4.8% વધ્યો

**સતત** બીજો મહિને ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંકે વાર્ષિક ધોરણે મજબૂત વૃદ્ધિ નોંધાવી

નવી દિલ્હી, તા. 3ઃ આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (એમઓએસપીઆઈ) એ સોમવારે જણાવ્યું હતું કે જાન્યુઆરીમાં આઈઆઈપીએ વાર્ષિક ધોરણે 4.8 ટકાની વૃદ્ધિ નોંધાવી હતી. આ વૃદ્ધિ મુખ્યત્વે મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં 4.8 ટકા અને પાવર સેક્ટરમાં 5.1 ટકાની વૃદ્ધિને કારણે હતી.

જાન્યુઆરી 2025ના મહિના માટે 161.6 ની સામે ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંકનો ઝડપી અંદાજ 169.4 છે. જાન્યુઆરી 2026 મહિના માટે ખાણકામ, ઉત્પાદન અને વીજળી ક્ષેત્રો માટેના સૂચકાંકો અનુક્રમે 157.2, 167.2 અને 212.1 છે. મેન્યુફેક્ચરિંગ સેક્ટર હેઠળ, જાન્યુઆરી 2026માં રાષ્ટ્રીય ઔદ્યોગિક વર્ગીકરણ 2ના ડબલ-ડિજિટ સ્તર પર 23માંથી 14 ઉદ્યોગ જૂથોએ સકારાત્મક વૃદ્ધિ નોંધાવી હતી.

જાન્યુઆરી 2026માં સૌથી વધુ યોગદાન આપનારા ત્રણ ઉદ્યોગ જૂથોમાં મૂળભૂત ધાતુઓનું ઉત્પાદન 13.2 ટકા, મોટર વાહનો, ટ્રેઈલર્સ અને સેમી-ટ્રેઈલર્સનું ઉત્પાદન 10.9 ટકા અને અન્ય બિન-ધાતુ ખનિજ ઉત્પાદનોનું ઉત્પાદન 9.9 ટકા હતું. વપરાશ-આધારિત વર્ગીકરણ મુજબ, જાન્યુઆરી 2026 માટે પ્રાથમિક માલસામાન માટેના સૂચકાંકો 167.9, કેપિટલ ગુડ્સ 12.4.4, મધ્યવર્તી માલ 182.8 અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને બાંધકામ માલ 227.7 છે.

કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને કન્ઝ્યુમર નોન-ડ્યુરેબલ્સ માટેનો સૂચકાંક અનુક્રમે 138.2 અને 160.7 હતો. અગાઉ ડિસેમ્બર 2025માં ભારતનું ઔદ્યોગિક ઉત્પાદન 7.8 ટકાનો વધારો થયો હતો, જે બે વર્ષથી વધુ સમયનું સર્વોચ્ચ સ્તર છે. આ વૃદ્ધિ મેન્યુફેક્ચરિંગ, માઈનિંગ અને પાવર સેક્ટરમાં વ્યાપક તાકાત દ્વારા પ્રેરિત હતી.

આ સતત બીજો મહિનો હતો જ્યારે ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંકે વાર્ષિક ધોરણે મજબૂત વૃદ્ધિ નોંધાવી હતી. અગાઉની ઊંચી સપાટી નવેમ્બર 2025માં 7.2 ટકા હતી. ડિસેમ્બરમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં 8.1 ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી. તે મહિનામાં, 23માંથી 16 ઉદ્યોગ જૂથોએ સકારાત્મક વૃદ્ધિ દર્શાવી હતી. ટોચના ત્રણ ફાળો આપનારાઓમાં મૂળભૂત ધાતુઓ, ઓટોમોટિવ, ફાર્માસ્યુટિકલ્સ અને રાસાયણિક ઉદ્યોગોના ઉત્પાદનનો સમાવેશ થાય છે.

### માત્ર બે દિવસમાં બ્રિટિશ શેરબજારના ૧૧ લાખ કરોડ સ્વાહા

લંડન, તા. 3ઃ મધ્ય પૂર્વમાં વણસતી જતી પરિસ્થિતિની સીધી અસર હવે વૈશ્વિક શેરબજારો પર જોવા મળી રહી છે. લંડન સ્ટોક એક્સચેન્જનો મુખ્ય ઈન્ડેક્સ FTSE 100 મંગળવારે પણ ધડાધડ નીચે બેસી ગયો હતો. માત્ર સોમવાર અને મંગળવાર એમ બે દિવસમાં જ રોકાણકારોની આશરે □111 બિલિયન (આશરે □૧૨.૨૮ લાખ કરોડ) જેટલી જંગી સંપત્તિ ધોવાઈ ગઈ છે. ઈરાન દ્વારા હોર્મુઝની સામુદ્રધુની બ્લોક કરવાના અહેવાલો અને ઈઝરાયેલના તેહરાન-બેરૂત પરના હુમલાએ રોકાણકારોમાં ફફડાટ ફેલાવ્યો છે. સોમવારે ૧૩૦ પોઈન્ટના ઘટાડા બાદ મંગળવારે સવારે ઈન્ડેક્સ વધુ ૩૩૫ પોઈન્ટ તૂટીને ૧૦,૪૪૫ ના સ્તરે પહોંચી ગયો હતો. બજારના નિષ્ણાતોના મતે, આ ઘટાડો એવા સમયે આવ્યો છે જ્યારે સેન્ટ્રલ બેંકો મોંઘવારી પર કાબૂ મેળવી રહી હતી, પરંતુ હવે ફરી એકવાર ઉર્જા સંકટને કારણે મોંઘવારી વધવાનો ખતરો પેદા થયો છે. કતારમાં ડ્રોન હુમલા બાદ લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) ના ઉત્પાદનમાં કાપ આવતા યુરોપમાં ગેસના ભાવ ૨૦% થી વધુ વધી ગયા છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ ’’ | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ ’’ | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

# બળતણ મોંઘું થતા ફુગાવાના દરમાં વધારો થવાની ચિંતા

**ફેડ રેટ** પોલિસી સોનાની દિશા નક્કી કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે, ઉંચા વ્યાજદરથી સોના પર દબાણ વધશે

નવી દિલ્હી, તા. 3ઃ તાજેતરના દિવસોમાં યુએસ ડોલર ઈન્ડેક્સ મજબૂત થયો છે, જે સોના અને ચાંદીની માંગમાં ઘટાડો દર્શાવે છે. આ ઈન્ડેક્સ છ મુખ્ય ચલણો સામે ડોલરની મજબૂતાઈ માપે છે અને છેલ્લા પાંચ દિવસમાં 1.4 ટકાનો વધારો થયો છે. 96 પર ઘટ્યા પછી, તે હવે 100ના સ્તરની નજીક છે, જે મે 2025 પછી પ્રથમ વખત જોવા મળી રહ્યો છે.

જ્યારે ડોલર મજબૂત હોય છે, ત્યારે સોનાના ભાવ સામાન્ય રીતે દબાણ હેઠળ આવે છે. કારણ સ્પષ્ટ છે. રોકાણકારો મજબૂત ડોલરના સમયમાં ડોલર સાથે જોડાયેલી સંપત્તિને પસંદ કરે છે, જ્યારે સોનું અને ચાંદી વ્યાજ ચૂકવતા નથી.

ડોલરની મજબૂતીનું એક મુખ્ય કારણ મધ્ય પૂર્વના સંઘર્ષને કારણે ઊર્જાના વધતા ભાવ છે. બળતણ મોંઘું થતાં ફુગાવાની ચિંતા વધે છે. આને કારણે બોન્ડ યીલ્ડમાં વધારો થાય છે કારણ કે બજાર એવું વિચારવાનું શરૂ કરે છે કે ફેડરલ રિઝર્વ વ્યાજ દરમાં ઘટાડો કરવામાં વિલંબ કરી શકે છે.

ફેડની રેટ પોલિસી પણ સોનાની દિશા નક્કી કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. જો ફેડ આક્રમક દરમાં ઘટાડો કરે છે, તો સોનાને ટેકો મળે છે. પરંતુ જો લાંબા સમય સુધી વ્યાજ દર ઊંચા રહે તો સોના પર દબાણ વધે છે. હાલમાં, આગામી દરમાં ઘટાડાની અપેક્ષા જુલાઈથી સપ્ટેમ્બર સુધી ઘટી ગઈ છે. 2026 માં બે વખત 25 બેસિસ પોઈન્ટનો ઘટાડો થવાની સંભાવના છે.

દરમિયાન, અમેરિકા દ્વારા ઈરાન પર સૈન્ય કાર્યવાહી વધારવાની સંભાવના છે. અહેવાલો અનુસાર, મિસાઈલ ઉત્પાદન એકમો, ડ્રોન અને નૌકાદળના બેઝને નિશાન બનાવવામાં આવી શકે છે. ઈરાનના એક અધિકારીએ ચેતવણી આપી છે કે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થતા જહાજોને પણ નિશાન બનાવવામાં આવી શકે છે. સલામતીના વધતા જોખમને કારણે પહેલેથી જ ટેન્કર ટ્રાફિક અસરગ્રસ્ત છે.

હવે ચિત્ર એ છે કે ભૌગોલિક રાજકીય તણાવ વધી રહ્યો છે, તેલ મોંઘું થઈ રહ્યું છે, પરંતુ મજબૂત ડોલર અને ઉચ્ચ બોન્ડ યીલ્ડથી સોના અને ચાંદીની ચમક હાલ પૂરતી ઝાંખી થઈ ગઈ છે.

# યુદ્ધના ફફડાટ વચ્ચે ચાંદીમાં 10%નો કડાકો

**સોનાના** ભાવમાં પણ ઘટાડો નોંધાયોઃ જ્યારે ક્રુડના ભાવમાં 9 ટકાનો ઉછાળો જોવાયો

**બ્રેન્ટ** ક્રૂડ 85 ડોલરની આસપાસ

મુંબઈ, તા. 3ઃ પશ્ચિમી એશિયામાં તણાવ વધતો જોવા મળી રહ્યો છે, આ યુદ્ધ કેટલું ચાલશે તે અંગે હજુય એક સવાલ અકબંધ છે આમ છતાં, આંતરરાષ્ટ્રીય સ્તરે ચાંદીના ભાવ ક્રેશ થતા જોવા મળ્યા હતા. આંતરરાષ્ટ્રીય બજારમાં ચાંદી 80 ડોલરની આસપાસ ટ્રેડ કરી રહ્યા છે, તેમાં લગભગ 10 ટકાનો ઘટાડો નોંધાયો હતો. આજે હોળી-ધૂળેટીના તહેવાર નિમિત્તે શેરબજાર તથા એમસીએક્સ બંધ રહ્યા હતા. જે આવતીકાલે હાજર ભાવ જાહેર થશે, પણ માનવામાં આવી રહ્યું છે કે, ભારતમાં પણ આવતીકાલે સોનુ-ચાંદી નબળા સ્તરે ખુલી શકે છે.

આજે ક્રુડના ભાવમાં લગભગ 9 ટકાનો વધારો થયો હતો અને બ્રેન્ટ ક્રૂડ 85 ડોલરની આસપાસ પહોંચ્યો હતો. તેનાથી વિપરીત, સોનાના ભાવ દબાણ હેઠળ રહ્યા હતા. સોનું 5111 ડોલર પ્રતિ ઔંસની નીચે લપસી ગયું હતું, જે લગભગ 4 ટકાનો ઘટાડો દર્શાવે છે.

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૮૧૫૦ |
| તેજાબી સોનું | ૧૬૮૦૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૯૭૪૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૬૪૭૯૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૮૧૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૬૯૧૦૦ |
| ચાંદી સિક્કા | ૨૭૦૬૦૦ |